# રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેકટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોન નંબર : (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨ ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com

## “શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬ પ્રાથમિક પરીક્ષાનાં પરીણામનું જાહેરનામું”

જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૫૧૬૭-૭૧ તા:૧૬/૦૬/૨૦૨૬

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/5921/G, તા.૨૯/૦૪/૨૦૨૩ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારા ઠરાવ ધ્યાને લઈ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૫/૦૨/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૨૦૪૨-૨૦૮૨ થી તા:૧૨/૦૪/૨૦૨૬ (રવિવાર) ના રોજ “શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬” ની પ્રાથમિક કસોટીનું આયોજન કરવામાં આવેલ હતું. પરીક્ષા પૂર્ણ થયેથી તમામ ઉમેદવારોની OMR તા:૧૫/૦૪/૨૦૨૬ નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

“શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬” ની પ્રાથમિક કસોટીની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૨/૦૫/૨૦૨૬ નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. સંબંધિત પ્રોવિઝનલ આન્સર-કી સંદર્ભે રજૂઆત કરવા અંગેની વ્યવસ્થા તા:૦૪/૦૫/૨૦૨૬ થી તા:૧૦/૦૫/૨૦૨૬ દરમિયાન ઓનલાઈન પોર્ટલ પર કરવામાં આવેલ હતી. સદર રજુઆતોની ચકાસણી સંદર્ભે તા:૧૮/૦૫/૨૦૨૬ થી તા:૨૨/૦૫/૨૦૨૬ દરમિયાન સંબંધીત વિષયનાં તજજ્ઞશ્રીઓનો વર્કશોપ રાખવામાં આવેલ હતો. ઉમેદવારોની આવેલ તમામ રજૂઆતની વર્કશોપમાં ચકાસણી કર્યા બાદ તજજ્ઞશ્રીઓ દ્વારા લેવામાં આવેલ નિણર્યને આધારે તા:૦૪/૦૬/૨૦૨૬ નાં રોજ ફાઈનલ આન્સર-કી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૨/૦૪/૨૦૨૬ ના રોજ લેવાયેલ “શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬” ની પ્રાથમિક કસોટી નું પરીણામ આજે તા:૧૬/૦૬/૨૦૨૬ ના રોજ નીચે મુજબની વિગતે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | માધ્યમ | નોંધાયેલ | હાજર | ૭૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૮૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૯૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૦૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૨૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | 160182 | 143734 | 50066 | 33330 | 20067 | 10404 | 1584 |
| 2 | અંગ્રેજી | 4150 | 3296 | 1696 | 1170 | 744 | 424 | 74 |
| 3 | હિન્દી | 692 | 554 | 209 | 144 | 82 | 48 | 8 |
| | કુલ | 165024 | 147584 | 51971 | 34644 | 20893 | 10876 | 1666 |

❖ અગત્યની સૂચનાઓ:

- સદર પરીક્ષાનાં પરિણામમાં ૩૫% એટલે કે ૭૦ કે તેથી વધુ ગુણ લાવનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય ગણાશે.
- સદર પરિણામ અત્રેની કચેરીની વેબસાઈટ WWW.SEBEXAM.ORG પર ઉમેદવારનાં બેઠક નંબર અને જન્મ તારીખની મદદથી જોઈ શકાશે.
- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય વિગતોની ચકાસણી મુખ્ય પરીક્ષા બાદ ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ આખરી રહેશે.
- સદર પરીક્ષાની OMR ની પુનઃચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવારો માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર – ૨૧, ગાંધીનગર ખાતે તા:૧૮/૦૬/૨૦૨૬ થી તા:૩૦/૦૬/૨૦૨૬ સુધી કામકાજનાં દિવસોમાં સવારે ૧૧:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્ય સુધી ઉમેદવારની રૂબરૂમાં કરી આપવામાં આવશે.
- પુનઃચકાસણી કરાવવા માંગતા ઉમેદવારે રૂબરૂમાં પોતાની હોલ ટીકીટ, OMR ની નકલ સાથે લેખિત અરજી કરી રૂ. ૧૦૦/- અત્રે જમા કરવવાનાં રહેશે. (લેખિત અરજીનો નમુનો આ સાથે સામેલ છે.)
- તા:૩૦/૦૬/૨૦૨૬ બાદ પુનઃચકાસણીની કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

**નોંધ**:

- સદર પરીક્ષા અંતર્ગતની ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષાનું આયોજન તા:૧૯/૦૭/૨૦૨૬ નાં રોજ કરવામાં આવનાર છે અને અંગ્રેજી તથા હિન્દી માધ્યમની મુખ્ય પરીક્ષાનુ આયોજન સંભવિત ઓગષ્ટ માસમાં કરવામાં આવનાર છે.
- મુખ્ય પરીક્ષા માટે ક્વોલીફાઈ થયેલ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા માટે અલગ થી આવેદન પત્ર કે ફી ભરવાની રહેશે નહિ. મુખ્ય પરીક્ષાની હોલટીકીટ અને અન્ય વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહશે.

સ્થળ: ગાંધીનગર

તા:૧૬/૦૬/૨૦૨૬

(પી.કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય જાણ સારૂ:

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર – ૧૯, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચત્તર ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

“શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬” ની પ્રાથમિક કસોટીનું રીચેકિંગનું ફોર્મ

ઉમેદવારનું નામ : ........................................................................... બેઠક નંબર: ..........................................

પરીક્ષાનો જિલ્લો : ............................................. જન્મ તારીખ : ........./........../................

પરીક્ષા કેન્દ્રનું નામ : ............................................................... પ્રશ્ન પુસ્તિકા નંબર: ...............................

બ્લોક નંબર : .................................................. પ્રશ્ન પુસ્તિકા કેટેગરી (A, B, C, D,E) : ..........

મોબાઈલ નંબર : ................................................ ઇમેલ એડ્રેસ...............................................

માધ્યમ : ................................................

પ્રતિ,

સચિવશ્રી,

રાજય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય સામે,

સેકટર - ૨૧, ગાંધીનગર

વિષય: “શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬” ની પ્રાથમિક કસોટીની OMR Sheet નું રેચેકિંગ કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૨/૦૪/૨૦૨૬ ના રોજ લેવાયેલ પરીક્ષામાં મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. સદર પરીક્ષાનું તા: ૧૬/૦૬/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ પરીણામમાં મને ............... ગુણ મળેલ છે.

રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheetની ચકાસણી કરતા મને .............. ગુણ મળવાપત્ર થાય છે.

સદર પરીક્ષાનાં પરિણામનાં જાહેરનામા અનુસાર મુજબ TAT - HS - ૨૦૨૬ પરીક્ષાની OMR Sheet નું રેચેકિંગ કરાવવા મે તા: /૦૬/૨૦૨૬ ના રોજ પહોંચ નંબર : ....................... થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. જેથી મારી OMR Sheet નું રેચેકીંગ કરી આપવા વિનંતી છે.

.................................

(ઉમેદવારની સહી)

બિડાણ :

1. હોલટીકીટ ની નકલ
2. OMR Sheetની નકલ

.............................................................................................................................................................................

- નીચેની વિગત રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે રીચેકિંગ બાદ રૂબરૂ ભરવાની રહેશે.

**<u>OMR Sheet ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ</u>**

રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે ઉપરોક્ત અરજી અન્વયે રૂબરૂમાં રેચેકીંગ કરાવતા, મારા ઓનલાઇન જનરેટ થયેલ પરીણામના ગુણમા કોઇ ફેરફાર થયેલ નથી જેની મેં ખાતરી પૂર્વકની ચકાસણી કરેલ છે.

તા: /૦૬/૨૦૨૬ ઉમેદવારની સહી.........................

સ્થળ:- ગાંધીનગર.